# જનસંપર્ક અધિકારી

જનસંપર્ક અધિકારી કંપની/સંસ્થા અને તેના લક્ષિત દર્શકો/ગ્રાહકો/કર્મચારીઓ/રોકાણકારો/ભાગીદારો/હિતધારકો વચ્ચે સ્વસ્થ અને લાંબા ગાળાના સંબંધ સ્થાપિત કરવા તેમજ તેને જાળવી રાખવાની કામગીરી કરે છે. જનસંપર્ક અધિકારી કંપનીની ગતિવિધિઓ તેમજ જરૂરી જાણકારીને જાહેર જનતા સુધી પહોંચાડવા માટે તેમજ લોકોના પ્રતિભાવોને કંપની સુધી સુધી પહોંચાડવા માટે જવાબદાર છે. આ માટે પ્રેસનોટ્સ તૈયાર કરવી, ભંડોળ ઊભુ કરવા માટેની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કરવું તેમજ ગ્રાહકો અને કંપની વચ્ચે પરસ્પર સેતુરૂપ બની રહે તેવી કામગીરીનો સમાવેશ થાય છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે એક કુશળ સંવાદકર્તા છો તથા આંતરવૈયક્તિક સંચાર કૌશલ્ય ધરાવો છો
- તમે અંગ્રેજી ભાષા પર પ્રભુત્ત્વ ધરાવો છો
- તમને સમસ્યાઓ ઉકેલવામાં આનંદ આવે છે
- તમે વિગતો પર ધ્યાન આપો




આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૫,૦૦૦ થી ૭,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે digitalgujarat.gov.in ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, www.vidyalakshmi.co.in, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. માસ કોમ્યુનિકેશન / પત્રકારિત્વ / ભાષા / સમૂહ માધ્યમોમાં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો.

**અથવા**

માસ કોમ્યુનિકેશન / પત્રકારિત્વ / ભાષા / સમૂહ માધ્યમોમાં સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, જનસંપર્કમાં પી.જી. ડિપ્લોમા અથવા માસ કમ્યુનિકેશન / પત્રકારિત્વ / ભાષા / સમૂહ માધ્યમોમાં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો અને ત્યારબાદ, જનસંપર્ક તથા જાહેરખબર અને સંચારમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

જનસંપર્ક અધિકારીનું અંદાજીત માસિક વેતન રૂ. ૨૫,૦૦૦ થી ૪૯,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત : https://bit.ly/3HsGt7w

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** વ્યાપાર-ઉદ્યોગ ગૃહો, ખાનગી કંપનીઓ, ટ્રસ્ટો, શાળાઓ, કોલેજો, વિશિષ્ટ શિક્ષણ સંસ્થાઓ, ખાનગી બેંકો, વ્યક્તિઓ જેવી કે રાજનેતાઓ, ખેલૈયાઓ, અભિનેતાઓ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે અત્યંત પ્રવૃત્તિશીલ વાતાવરણમાં કામ કરશો જ્યાં તમારે અનેક સંસ્થાઓ, લોકો સાથે સહયોગ સાધવો જરૂરી છે. મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ હોઈ શકે છે. તમે અઠવાડિયાના ૬ દિવસ દરરોજ ૯ કલાક કામ કરો તેવી અપેક્ષા છે. ઓવરટાઈમ કરવાનું બની શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જનસંપર્ક અધિકારી → વરિષ્ઠ જનસંપર્ક અધિકારી → ટીમ લીડ, જનસંપર્ક → જનસંપર્કના વડા → જનરલ મેનેજર → કંપનીના વડા/સી.ઈ.ઓ.

### સર્ચ માટેના કીવર્ડ્સ ...

પબ્લિક રિલેશન ઓફિસર, પબ્લિક રિલેશન એક્ઝિક્યુટીવ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ માસ કોમ્યુનિકેશન અથવા પત્રકારિત્વ અથવા જનસંપર્ક વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન, નવી દિલ્હી
૨. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયા, પુણે
૩. વીએનએસજીયુ, સુરત
૪. ડિપાર્મેન્ટ ઓફ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમ, પુણે
૫. એમએસયુ, વડોદરા
૬. ઇન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન એન્ડ મીડિયા ટેકનોલોજી, કુરુક્ષેત્ર યુનિવર્સિટી, કુરુક્ષેત્ર
૭. ગવર્મેન્ટ પોસ્ટ ગ્રેજ્યુએટ કોલેજ, હિમાચલ પ્રદેશ
૮. કલ્યાણ પોસ્ટ ગ્રેજ્યુએટ કોલેજ, ભિલાઈનગર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એમઆઈસીએ, અમદાવાદ
૨. સોફિયા કોલેજ ફોર વુમન, મુંબઈ
૩. એમ.આઈ.ટી. વર્લ્ડ પીસ યુનિવર્સિટી, પુણે
૪. એસ. વી. ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, કડી
૫. વિવેકાનંદ ઇન્સ્ટિટ્યુટ ઑફ પ્રોફેશનલ સ્ટડીઝ, દિલ્હી
૬. એન.એસ.એચ.એમ. નોલેજ કેમ્પસ, કોલકાતા
૭. એન.એમ.કે.આર.વી. કોલેજ ફોર વુમન, બેંગલુરૂ
૮. આઈટીએમવીયુ, વડોદરા

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે -
https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.swayam2.ac.in/nou21_ge02/preview
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**નંદિતા લક્ષ્મણન** ભારતની એક પ્રસિદ્ધ પી.આર. ફર્મ ‘ધ પ્રેક્ટિસ’ના સ્થાપક સી.ઈ.ઓ. છે. તેણીએ વર્ષ ૧૯૯૩માં જીનેસિસ પી.આર. સાથે તેની પી.આર. કારકિર્દીની શરૂઆત કરી હતી. તેઓ દક્ષિણના પ્રદેશોમાં કંપનીમાં ટેકનોલોજી-કેન્દ્રિત વિભાગ સહિત કંપનીની કામગીરી શરૂ કરવા અને તેનું નેતૃત્વ કરવા માટે જવાબદાર હતા. ઈન્ટેલ, આઈ.બી.એમ. સૉફ્ટવેર ગ્રુપ, ૩એમ વગેરે જેવી અગ્રણી બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે વ્યૂહરચના વિકસાવવામાં નંદિતાએ મહત્વની ભૂમિકા ભજવી છે. જિનેસસ પી.આર. ખાતેના તેમના કાર્યકાળમાં, તેણીએ વોલ્વો, સિમેન્ટેક અને વેરિટી પર્કિન્સ વગેરે કંપનીઓને ભારતમાં તેમની કામગીરી શરૂ કરવામાં મદદરૂપ થવા માટે મહત્વની ભૂમિકા નિભાવી હતી.*

સ્રોત: https://www.exchange4media.com/pr-watch-news/nandita-lakshmanfounder-and-ceothe-practice-86090.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.